# શ્રી જૈન સાહિત્ય અકાદમી ટ્રસ્ટ ,મુંબઈ

## વ્યાખ્યાનમાળા ૨૦૨૨-૨૩

## જૈન તીર્થોની ભવ્ય ગાથાઓ

## વ્યાખ્યાન – ૧૭ જૈન ગુફાઓ અને યાપનીય પરંપરા

વ્યાખ્યાતા- મુનિશ્રી દાનવલ્લભ વિજયગણી મ.સા

તારીખ – ૮/૦૪/૨૦૨૩

પર્યુષણ પર્વની અંદર પ્રથમ પાંચ દિવસ આપણે કર્તવ્યનું સ્મરણ કરીએ છીએ અને બાકીના બે દિવસ વાર્ષિક ૧૧ કર્તવ્ય જોઈએ છીએ. આ બંને પ્રકારના કર્તવ્યની અંદર એક મહત્વનું કર્તવ્ય આપણા માટે મૂકવામાં આવ્યું છે જેનું નામ છે ચૈત્ય પરિપાટી. વર્તમાન સમયમાં આપણી પાસે જેટલા પણ તીર્થો છે, ભિન્ન ભિન્ન જિનાલયો છે, એમાંથી દર વર્ષે જેટલા પણ શક્ય બને નવા નવા તીર્થોની યાત્રા આપણે કરવી જોઈએ. આપણે ત્યાં દર વર્ષે એક પરિપાટી તો થઇ જ ગઈ છે કે શંખેશ્વર ગિરનાર, શત્રુંજ્ય તો દર વર્ષે એક વખત જવું જોઈએ પણ દર વર્ષે નવા નવા તીર્થોની યાત્રા કરીએ તો એનાથી પણ આપણા પોતાના આત્મા ઉપર લાગેલા આપણા ઘણા બધા કર્મોના મળને આપણે વિખેરી શકીએ છીએ. પરિપાટી એ આપણા માટે બહુ સરસ મજાની અને મહત્વપૂર્ણ અંગ છે. આપણે જ્યારે નવા નવા ચૈત્યમાં દર્શન કરવા જઈએ છીએ.

આપણા માણસનો એક સ્વભાવ છે કે એને દરરોજ નવું નવું કંઈક જોઈએ છે. નવું નવું કંઈક ના મળે તો એને ક્યારેક પોતાને પણ કંટાળો આવી જતો હોય છે. નવું નવું જ્યારે એને મળે છે ત્યારે એનો ઉત્સાહ દિન પ્રતિદિન વૃદ્ધિ પામતો હોય છે. એ રીતે રોજ નવા નવા તીર્થોની યાત્રા વર્ષમાં એક વાર આપણે જો કરતા હોઈએ તો ચોક્કસ પ્રમાણે એક પ્રકારે કહી શકાય કે એના દ્વારા આપણને ભાવોલ્લાસની એટલી પ્રબળ ભાવના થાય કે

એનાથી આપણા આત્મા ઉપર લાગેલા કર્મોના મળને દૂર કરવા બહુ સરળ થઈ જાય છે. પર્યુષણ મહાપર્વના કર્તવ્યમાં શબ્દ મૂકવામાં આવ્યો છે ચૈત્ય પરિપાટી. પણ આજે આપણે એ ચૈત્ય પરિપાટી નહીં પણ ગુફાઓની પરિપાટી કરવાની છે. આ જે ગુફાઓ છે એ એક પ્રકારના ચૈત્ય સ્વરૂપે જ હોય છે પણ એ ક્યારેય ચૈત્ય હોતા નથી. સામાન્ય રીતે આપણી બધાની એક કલ્પના છે કે નાનું હોય કે મોટું હોય પણ શિખરબદ્ધ દેરાસર હોય; સરસ મજાનું પિરામિડ આકારનું શિખર હોય. એના ઉપર કળશ હોય. એના ઉપર ધજા લહેરાતી હોય. આગળ રંગમંડળ હોય, દેરાસરની આજુબાજુ ખુલ્લું ચોગાન હોય અને એની ભવ્યતા હોય એ જોઈને આપણને હર્ષ થતો હોય આપણે એને ચૈત્ય તરીકે ઓળખતા હોઈએ છીએ. જ્યારે આપણે આજે વાત કરવાની છે ગુફાઓની. ત્યારે ગુફાઓની અંદર આવા કોઈ જ પ્રકારના ચૈત્ય જે આપણે સામાન્ય રીતે બધા જોતા હોઈએ છીએ એવા કોઈપણ પ્રકારના ચૈત્ય ત્યાં જોવા મળતા નથી. કુદરત એ પ્રકૃતિએ જે પોતાની રચના કરી છે, નદીઓ પહાડો આ બધું એ કુદરતની એક રચના છે અને પ્રાકૃતિક રીતે એની અંદર જે કંઈ તૈયાર થયેલું હોય એને પોતાના ઉપયોગમાં લેવા માટે ઓછામાં ઓછા પરીકર વડે ઓછામાં ઓછા ફેરફાર સાથે આપણે એને ઉપયોગમાં લઈએ એવી એક પરંપરા વર્ષો પહેલા આપણે ત્યાં પણ ચાલતી હતી.

ગુફાઓની યાત્રા એની પરિપાટી કરતાં પહેલાં આપણે એ પણ પહેલા સમજવાની જરૂર છે કે હકીકતમાં ગુફાઓનો ઉપયોગ પહેલા કઈ રીતે થતો હતો. એની પરંપરા ક્યારથી શરૂ થઈ એનો ઉપયોગ પહેલા કેવી રીતે થતો હતો અને કાલાંતરે એમાં કેટલા પરિવર્તનો આવ્યા અને વર્તમાનકાળમાં એ કયા કારણોસર આ પ્રથા હવે સાવ બંધ થઈ ગઈ છે. શરૂઆતની અંદર જો જોવા જઈએ તો જૈન સાધુઓનું જીવન એટલે તદ્દન નિર્દોષ જીવન, કોઈપણ જાતના ઓછામાં ઓછા દોષ લાગે એવા પ્રકારનું જીવન જીવવાનો પ્રયત્ન જૈન સાધુ ભગવંતો કરતા હોય છે. સામાન્ય રીતે તેઓ પોતાના માટે બનાવેલી ગોચરી ક્યારે પણ વહોરતા નથી કારણ કે એ એમના માટે દોષિત ગોચરી છે. તો જેમનુ પોતાનું ભોજન પણ નિર્દોષ હોય એટલું આખા દિવસની  દિનચર્યા અને રહેવા માટેનો આવાસ એ પણ એક

જમાનામાં એટલું જ નિર્દોષ બનતા હતા અને જે નિર્દોષ આવાસ હોય એની અંદર જ સાધુ ભગવંતો રહે. સાધુ ભગવંતો એમનામાં પણ બે પ્રકારો હતા અને જિન કલ્પી શ્રમણો અને સ્થવીરકલ્પી શ્રમણ. ઊંડાણથી આપણે વિચારશું તો આપણને ખ્યાલ આવશે કે અમુક મહાત્માઓને અંતર મુકતતાની સાધનામાં બહુ રસ હતો અને અમુક મહાત્માઓને એમના જીવનમાં એમની પાસે એટલી એક સમર્થતા હતી પરોપકાર કરવાની અને એના કારણે એમના ઉપર એમના ગુરુ  ભગવંતોએ એમના ઉપર જે જવાબદારી મૂકી હતી એના કારણે એમને ક્યારેક ક્યારેક સમાજની વચ્ચે આવીને પણ જવાબદારીઓ પૂરી કરવી પડતી હતી પણ જે શ્રમણો અંતરમુખ હતા અને આત્મ સાધના સિવાય બીજું કોઈ લક્ષ્ય જ નહોતું એ જીન કલ્પી શ્રમણો કહેવાતા હતા. શાસ્ત્રોમાં એમની ઘણી બધી ઊંડાણપૂર્વક વાતો કરવામાં આવી છે. આ જીન કલ્પી શ્રમણ અને કેવળજ્ઞાનની અને તીર્થંકર પરમાત્માની હાજરી સિવાય આ જિનકલ્પનું આચરણ કરી શકતા નથી. જિનકલ્પ એ એક સાધુ જીવન ઉગ્રમાં ઉગ્ર અને સૂક્ષ્મ કોટિની સાધના છે. જેમાં ખૂબ જ સૂક્ષ્મ એવા સાધુ ભગવંતના જીવનનું આચારનું પાલન કરવાનું હોય છે. એ જંગલમાં રહીને જ થઈ શકે છે એ ક્યારેય નગરમાં લોકોની વચ્ચે થઈ શકતું નથી. આવા જિન કલ્પી શ્રમણ જે પોતાના જીવનમાં સાધના માટે ઉચ્ચ કોટીનો સંકલ્પ ઉત્સાહ ધરાવતા હોય છે, સાધના માટેનો એક અપૂર્વ પ્રબળ ઉત્સાહ જેનામાં હોય એવા એ પોતાના ગુરુ સાધુ મહારાજ અને એ સમયમાં હાજર રહેલા તીર્થંકર ભગવંત અને કેવળજ્ઞાની ભગવંતો પાસે જાય એમની પાસે અનુજ્ઞાની યાચના કરે અને ભગવંતો એ અનુજ્ઞા આપે ત્યારે જ શ્રમણ ભગવંતો આ જિનકલ્પનો સ્વીકાર કરી શકતા હતા. એમની પરિચર્યા સામાન્ય રીતે આપણે સમજીએ તો એમને જંગલમાં રહેવાનું હોય છે. બપોરના સમયે જ્યારે એમની ગોચરીનો સમય થાય એ લોકો લગભગ એકાસણું કરતા હોય ત્યારે શક્ય બને ત્યારે એ ગામમાં આવે ત્યારે પોતાની ગોચરી લઈ અને ફરી જંગલોમાં જઈને પોતાની સાધનામાં લાગી જતા હતા. એવા આ શ્રમણ ગોચરી વહોરવા માટે લોકોનો સંપર્ક કરતા હતા અને ગામનો સંપર્ક રાખતા હતા એવા આ શ્રમણો જંગલમાં રહેતા ત્યારે ક્યાં રહેતા એ જંગલોની અંદર પહાડોમાં જે પ્રાકૃતિક ગુફાઓ બનતી હતી. સામાન્ય રીતે આપણને ખબર હશે કે પહાડો ની અંદર એવા ખાડા હોય એવી બખોલ હોય

જેમાં પાંચ 10 ,15 માણસો સામાન્ય રીતે રહી શકે. આવાસ કરતા હતા. એનો તેઓ આવાસ તરીકે ઉપયોગ કરતા હતા. આ રીતે જિન શાસનની અંદર વર્ષો પહેલા આદિકાળથી જ્યારે જિનકલ્પ ચાલતો હતો ત્યારે ગુફાઓના ઉપયોગની શરૂઆત થઈ. પછી ધીરે ધીરે એક ગુફાઓના ઉપયોગમાં પણ પરિવર્તન આવવા લાગ્યો. એક સમય એવો હતો કે સાધુ ભગવંતો જ્યારે જંગલોમાં વધારે રહેતા હતા અને ગામ અને નગરમાં ઓછા આવતા હતા તેમને લોક સંપર્કની આવશ્યકતા રહેતી નથી એવા સમયે ઘણા બધા સાધુ ભગવંતો જંગલમાં રહીને સાધનામાં લાગતા હતા અને આ ગુફાઓને આવાસ તરીકે ઉપયોગ કરતા હતા. કાળ ક્રમે ધીરે ધીરે સમય એવો આવતો ગયો આ સમય સાથે સંખ્યા વધતી ગઈ સંખ્યા વધવાને કારણે રહેવાની સંખ્યા જગ્યા ઓછી પડવા લાગી. એ સમયના રાજાઓએ પહાડોમાં સાધુ ભગવંતો માટે ખાસ ગુફાઓ કોતરાવી અને એમનું દાન કરી. પ્રાકૃતિક ગુફાઓ અને કૃત્રિમ ગુફાઓ આ બંને ઉપયોગ સાધુ ભગવંતો પોતાની સાધના માટે કરતા હતા. આપણે ઇતિહાસમાં જોઈશું તો આપણને એવા ઘણા બધા ઉલ્લેખો મળે છે. આપણે ત્યાં સ્થવિરાવલી માટે એક બહુ મહત્વનો ગ્રંથ છે હિમવંત સ્થવિરાવલી. પૂજ્ય જંબુવિજયજી મહારાજે આ ગ્રંથ સંશોધન કર્યું હતું અને એમાં એક બહુ સરસ મજાનો ઉલ્લેખ મળે છે અત્યારે આપણું વર્તમાન કાળનું જે ઓરિસ્સા છે, એમાં રહેલી ખંડગીરી અને ઉદયગીરીની ગુફાઓ છે. એ સમયે એનું નામ હતું કુમારીગિરિ અને કુમારીગિરિ હકીકતમાં એ શત્રુંજ્ય અને ગિરનારની પ્રતિકૃતિ છે. ત્યારે ઓરિસ્સામાં રહેલા જૈનોએ પોતાની નજીક રહેલા આ બંને પર્વતોની ગિરનાર અને શત્રુંજયની પરિકલ્પના આપી સાધુ ભગવંતોના આવાસની વ્યવસ્થા કરી હતી.

સૌથી પહેલા વર્તમાનકાળની અપેક્ષાએ આપણે જોવા જઈએ તો સૌથી પ્રાચીનમાં પ્રાચીન ગુફા જો આપણને કોઈ મળતી હોય તો એ છે ખંડગીરી અને ઉદયગિરીની ગુફાઓ છે. આ સાધુ ભગવંતો માટેની ગુફા હતી. શાસ્ત્રોમાં ઘણા ઉલ્લેખ મળે છે કે સાધુ ભગવંતો આ ગુફાઓમાં રહેતા હતા અને સમય થાય ત્યારે ગોચરી વહોરવા માટે નગર શહેરમાં આવતા હતા. ક્યારેક એવું પણ બનતું કે નિર્દોષ ગોચરીના મળે તો નિર્દોષ આહાર મેળવવા

માટે ક્યારેક વધુ પ્રયાસ કરવો પડતો, સમય પણ બહાર રહેવું પડતું વધારે પરિભ્રમણ કરવું પડતું હતું. ઘણીવાર એવું બનતું કે નગરમાંથી આવતા એમને મોડું થાય તો જ્યાં સૂર્યાસ્ત થઈ ત્યાં જ એ લોકો રાત્રિ પસાર કરતા હતા, ત્યાંથી તેઓ આગળ વિહાર કરતાં નહીં. એવા ઘણા બધા ઉલ્લેખો આપણને મળે છે. પણ આજે જેનો પુરાતત્વોની રીતે ઉલ્લેખ આપણને મળે છે એવી અત્યારે જૂનામાં જૂની વર્તમાનકાળની જે ગુફાઓ હોય તો એ ખંડગીરી અને ઉદયગીરીની ગુફાઓ છે. એની માટે હિમવંત સ્થવિરાવલી ગ્રંથમાં ઉલ્લેખ મળે છે કે પાર્શ્વનાથ પ્રભુજી સ્વયં અહીં પધાર્યા હતા. પ્રભુના ચરણ કમળથી આ પહાડ અને એની આસપાસનું પરિસર પાવન થયું હતું. આ શબ્દોના આધારે આપણે કલ્પના કરીએ. આપણને સો એ સો ટકા માનવું જ પડે કે પ્રભુ પાર્શ્વનાથ પરમાત્મા મહાવીર સ્વામીને થયે આજ લગભગ ૨૫૦૦-૫૦ વર્ષ જેટલો સમય થયો એ પહેલા પરમાત્મા પાર્શ્વનાથ પ્રભુના ૨૫૦૦ વર્ષ, એ પહેલા એમનો સાધના કાળ, એમના પરોપકાર કાળની અંદર એમણે વિહાર કર્યા હશે એમનું આ એક પ્રબળ ક્ષેત્ર હશે. સ્વયં પ્રભુ અહીં પધાર્યા. પ્રભુ મહાવીર પ્રભુ એ જ્યાં જ્યાં વિહાર કર્યો હશે એ માંથી ઓરિસ્સાની આ ભૂમિ પ્રબળ રહી હશે. આ ગુફાઓની ઉપર એક સરસ મજાનું સ્તૂપ ચૈત્ય હતું અને આજે પણ એ ગુફાઓમાં જે શિલાલેખો લખેલા છે. એક ખુબ સરસ મજાનો શબ્દ વાપરવામાં આવ્યો છે 'કાય નિષધી'. આ શબ્દના આધારે આપણે કહી શકીએ કે જે થોડા સમય પહેલા વિદ્વાનો થઈ ગયા હતા એ સો ટકા માનતા હતા  કે ઉદયગિરી ખંડગીરીની સ્તૂપમાં કોઈક તીર્થંકર ભગવાનના અસ્થિઓની સ્થાપના કરવામાં આવી હતી. તો જ એના માટે આ શબ્દ વાપરવામાં આવે. કાયનીષધી એટલે કાયાની ક્ષતિ. આ  શબ્દ ત્યારે જ વાપરવામાં આવે જ્યારે કોઈ પ્રભુનું અહિંયા તને નિર્વાણ થયું હોય, એમની અસ્થિઓ અહીં હોય.એ  અપેક્ષાએ જો આપણે જોવા જઈએ તો મહત્વનો બની જઈએ છે આપણા માટે આ સ્તૂપ મહત્વનું બની જાય છે. એ પહાડ ઉપર ટોચ પર આ સ્તુપ ચૈત્ય હતું અને એના નીચે જ આ શ્રમણ ભગવંતો માટે ગુફાઓ હતી. આ ગુફાઓની અંદર પણ ઘણી બધી અલગ અલગ ગુફાઓ છે, આ બધી ગુફાઓ પણ એક સાથે નિર્માણ નથી થઈ પણ ધીરે ધીરે ક્રમશઃ રાજા મહારાજાઓ આવ્યા અને આ ગુફાઓ ધીરે ધીરે નિર્માણ પામતી ગઈ.

આજના સમયે આ ગુફાઓ માટેનું આપણે જો એક અધ્યયન કરવું પડે તો એના દ્વારા આપણને જે જાણકારી મળે છે, ખ્યાલ આવે છે કે એમાં સૌથી પ્રાચીન ગુફા જો કોઈ હોય તો એ છે બાઘ ગુફા. હકીકતમાં આ ખૂબ જ નાની ગુફા છે. ચિત્રો પણ જો આપણે જોઈશું તો એક વાઘનું મોઢું છે. એમાંથી એક પ્રવેશ દ્વાર બનાવવામાં આવ્યું છે. અંદર જઈને આપણે જોઈએ તો ખ્યાલ આવે કે એ કેટલી નાની છે કે એમાં સામાન્ય મનુષ્ય ઉભો પણ ના રહી શકે. આ ગુફાની પાછળનું આશય શું હશે? તો આપણે કલ્પના કરી શકીએ કે જે સાધુ ભગવંતોને પોતાની સાધનાનો ઉત્સાહ આલંબન તીવ્ર થયો હોય. એ સમયે કાયા કલેશ નામના તપની સાધના કરવા માટે આ ગુફાઓમાં આવતા હશે એવી કલ્પના આપણે કરી શકીએ કારણ કે જે ગુફાની અંદર આપણે સરળતાથી ઉભા પણ નથી રહી શકતા અને એવા સમયમાં કાયોત્સર્ગમાં ઊભા રહેવું અને અને આ સાધના કરવી કાયાને કષ્ટ આપવું આવી ઉગ્ર કોટીની સાધના કરવા માટે તેઓ આવતા હતા. આ ઉપરથી આપણે એટલું ચોક્કસ જાણી શકીએ છીએ કે આ ગુફા સૌથી પ્રાચીનમાં પ્રાચીન ગુફા છે અને કાયા કલેશની સાધના કરવા માટે સાધુ ભગવંતો અહીં આવતા હતા એ પછી હિમવંત સ્થવિરાવલીમાં ઉલ્લેખ મળે છે કે શ્રેણિક મહારાજાએ પણ પોતાના કાળની અંદર મહાવીર સ્વામીના શાસનમાં ઇતિહાસમાં ઉલ્લેખ મળે છે કે પાર્શ્વનાથ પ્રભુના સાધુઓનું સૌથી વધુ વિચરણનો અને આ વિસ્તારમાં હતો આ કલિંગ દેશ એટલે આજનું ઓરિસ્સા. સાધુઓનું સવિશેષ વિચરણ આ દેશમાં થયું હતું એવા પ્રબળ ઉલ્લેખો આજે પણ ઇતિહાસમાં આપણને મળે છે.પાર્શ્વનાથ પ્રભુ પછી પરમાત્મા મહાવીર આવ્યા એ સમયે પહેલા પણ ઘણા બધા સાધુઓ અહીં આવ્યા હતા એ વાત નક્કી થઈ જાય છે. પછી મહાવીર સ્વામીના સમયની અંદર શ્રેણિક મહારાજા પછી પુત્ર કોણીક મહારાજા એ બંનેના અધિકાર હેઠળ આ કલિંગનું રાજ્ય હતું એ દિવસ વખતે સૌથી મોટો દેશ હતો મગધ અને કલિંગ એની બાજુમાં નાનકડો પ્રદેશ હતો. એની માલિકી મગધ દેશની હતી. આ સમયમાં શ્રેણિક મહારાજા અને કોણીક મહારાજાએ મહાવીર સ્વામીના ભક્ત રૂપે ઉદયગીરી અને ખંડગીરી અને બીજી અનેક ગુફાઓનું  પોતાના સ્વદ્રવ્યથી નિર્માણ કર્યું હતું અને દાન કરી હતી.

આ ઉપરથી આપણને ખ્યાલ આવે છે કે આ ગુફાઓનું ત્યારે કેટલું ઉત્કૃષ્ટ સ્થાન હશે કે રાજા મહારાજાઓ પણ ત્યાં આવતા હતા અને સાધુ ભગવંતો ત્યાં ધ્યાન કરતા હતા ત્યાં આપણા સાધુ ભગવંતોનું વિચરણ પણ ઘણું રહેતું હતું. રાજા મહારાજા પણ સાધુ ભગવંતો પાસે અધ્યયન કરવા માટે આવતા હતા. આ ગુફાઓ સાથે સૌથી વધુ નિકટથી જો કોઈ જોડાયેલું હોય તો એ છે કલિંગ ચક્રવર્તી મહા મેઘવાહન સમ્રાટ ખારવેલ. શ્રેણિક મહારાજા પછી એમની છ કે સાત પેઢી પૂરી થાય એટલો સમયગાળો વીત્યા પછી આવે છે મહારાજા ખારવેલ. એ સમયે મહારાજા બન્યા હતા. એ સમયે આ ગુફાઓની ટોચ ઉપર દેરાસર પણ હતું. ત્યાં આદિનાથ પરમાત્માની સોનાની પ્રતિમા પણ હતી. પરંતુ કલિંગ અને મગધનું યુદ્ધ થયું એ બંનેમાં કલિંગમાંથી એ સોનાની પ્રતિમા ચોરી થઈ ગઈ અને એને મગધમાં લાવવામાં આવી હતી. કલિંગવાસી દરેકે દરેકની ભાવના એવી હતી કે આપણું શ્રદ્ધાનું સ્થાન એવી પ્રતિમા ખંડિત થઈ હતી. આપણું શ્રદ્ધાના સ્થાન તરીકે જેની નિરંતર ઉપાસના કરતા હતા એ આપણા હાથમાંથી જતી રહી અને જે સમયે કલિંગ સદા નિષ્પ્રાણ થઈ ગયું હતું, કોઈ જાતની ચેતના નહોતી, ઉત્સાહ નહોતો એવા સમયે ખારવેલનો જન્મ થાય છે એ મહારાજા પોતે અધ્યયન કરે છે. એમનું જે સંપૂર્ણ અધ્યયન છે એ પણ જૈન સાધુ ભગવંતોની નિશ્રામાં પૂર્ણ થાય છે તેઓ અધ્યયન કરવા માટે આ ગુફાઓમાં જતા હતા, સાધુ ભગવંતોની પાસે સાધના કરતા હતા. એમની પાસેથી પ્રેરણા મેળવીને કલિંગની અંદર નવો ઉત્સાહ લઈ આવ્યા. જે કલિંગનું ગૌરવ આદિનાથની જે પ્રતિમા હતી એને મગધથી પાછી લાવ્યા ત્યાં સ્થાપન કરે છે અને એ મહારાજા ખારવેલ જૈન ધર્મના અપૂર્વ ઉદ્ધાર કર્યો હતો. ખૂબ નાની ઉંમરમાં ખૂબ ઓછા સમયમાં કલિંગને ચારે બાજુથી સમૃદ્ધ કર્યું, શત્રુઓથી મુક્ત કર્યા અને વિજય પ્રાપ્ત કર્યો. સમૃદ્ધ કરી અને એ શિખર ઉપર લઈ ગયા. 15 થી 20 વર્ષના અલ્પગાળાના સમયની અંદર એમણે પતનને આરે પહોંચેલા કલિંગને સમૃદ્ધિના શિખરે લઈ ગયા. એમણે જૈન શાસનની પ્રભાવના માટે કાર્યો કર્યા અને એમની પટરાણીએ પણ સ્વદ્રવ્યથી ઘણી બધી ગુફાઓ કોતરાવી અને સાધુ ભગવંતોને દાન આપી હતી. એમના જીવન અહમ મહત્વનું  કાર્ય જેને આપણે ગણી શકીએ એણે આદિનાથ પ્રભુની

સ્થાપના ફરી કરી અને એ સમયે વર્તમાન જીન શાસનના જેટલા પણ સાધુ ભગવંતોહતા એમને બધાને ત્યાં બોલાવ્યા અને ત્યાં આગમવાચના રાખી અને જેટલા પણ આગમો કાળમાં લુપ્ત થતા હતા એમને નવું જીવન આપ્યું એટલે એથી જ આપણને પરંપરામાં આપણા આગમો અખંડ રૂપે મળી રહ્યા છે. તે ખારવેલ મહારાજાના સમયમાં આ ગુફાઓ આપણા માટે ખરેખર ખૂબ જ શ્રદ્ધાનું સ્થાન બની છે.

હવે આપણે વિચારીએ કે પરમાત્મા પાર્શ્વનાથના સમયથી માંડીને વિચારીએ પરમાત્મા પોતે એમના શ્રમણો તથા પછી પરમાત્મા મહાવીર સ્વામીના સમયમાં પણ સાધુઓ માટે ગુફાઓ બની એ રીતે જોવા જઈએ તો લગભગ 250 થી 400 વર્ષના સમયગાળા સુધી આ ખંડગિરી અને ઉદયગિરી પર્વતનો એક જબરદસ્ત સાધનાકીય ક્ષેત્રે નો આપણા સાધુ ભગવતે ખૂબ સરસ ઉપયોગ કર્યો હશે. આપણે બધા દેરાસરમાં જઈએ છીએ. તીર્થોમાં આરાધના કરવા જઈએ છીએ. આજે પણ આપણી સામે ગિરનારજી સંમ્મેત શિખરજી, રાજસ્થાનમાં અર્બુદાચલ, રાણકપુર જેવા ભવ્ય એવા જિનાલયો આપણને મળે છે. તો જીનાલયો અને ગુફા આ બંનેમાં ફરક શું? તો આ વસ્તુને આપણે સમજવાની જરૂર છે. જિનાલયોમાં જઈને આપણે ભક્તિ કરીએ છીએ અને આપણને ભગવાનની ભક્તિની એક ભાવના જાગે છે. પૂર્વજોએ કરેલા સર્જનને જોઈને આપણા મનમાં પણ એક એવી ભાવના જાગે છે મારા જીવનમાં મારાથી પણ શક્ય હશે એટલું જીવનમાં એક નાનું દેરાસર બનાવું, છેલ્લે કંઈ ના થાય તો પરમાત્માની એક નાનકડી પ્રતિમાનું પણ નિર્માણ મારે કરવું. સ્વદ્રવ્યથી એ પ્રતિમા નું નિર્માણ કરવું. દેરાસરો એ ભક્તિ પ્રધાન છે. ભાવના પ્રધાન છે ત્યાં આપણને ભક્તિનો સ્પર્શ થાય છે, ભાવનાનો સ્પર્શ થાય છે આપણે ઉદાત્વનો સ્પર્શ થાય છે જ્યારે ગુફાઓ સાધના પ્રધાન છે. ગુફાઓમાં જશું તો આપણા પૂર્વકાળના ઋષિઓ મહર્ષિઓ જેમણે  જીવનમાં અતિ ઉગ્ર કોટીની મહત્વની કહી શકાય એવી સાધનાઓ જ્યાં કરી હતી એ સાધનાના પરમાણુ આજે પણ ત્યાં જીવંત પથરાયેલા છે ,આપણે ત્યાં જશું તો સો એ સો ટકા એ પરમાણુઓનો સ્પર્શ થવાનો છે એમાં કોઈ શંકા નથી.

તીર્થોમાં જ્યારે આપણે યાત્રા કરવા જઈએ છીએ અને ભક્તિથી ભાવિત થઈએ છીએ. ગુફાઓમાં જતા સાધના કરવાનો ભાવ થાય છે, સત્વ મળે છે. ઘણી બધી વાતો ઘણીવાર આપણને ભાવના જાગે છે કે હું આ સિદ્ધિ તપ કરી લઉં, વર્ષી તપ કરી લઉં વર્ધમાન તપની આય આયંબીલની ઓળીનો પાયો નાખી લઉ પણ આ બધું કરવા માટે આપણી પાસે જે સત્વ  જોઇએ એ ઘણીવાર આપણી પાસે નથી હોતું એના કારણે  વિચાર આવ્યા આવ્યા પછી એ માર્ગે આગળ વધી શકતા નથી. પણ મને ચોક્કસ એમ લાગે છે કે જો આપણે ગુફાઓની મુલાકાત લેવાનું શરૂ કરીએ. ભારતભરની અંદર આવી કેટલીય ગુફાઓ ચારે બાજુ વેરાયેલી પડી છે. બે અઢી વર્ષ પહેલા  સંશોધન કરતા માલુમ પડ્યું કે ભારતભરની અંદર 50થી પણ વધુ જગ્યાએ આજની તારીખે પણ સંપૂર્ણપણે જેને જૈન કહી શકાય એવા ગુફા સ્થાનો છે. આ કોઈ નાની વાત નથી. આજે વર્તમાન સમયમાં ગુફા પ્રત્યે કોઈનું લક્ષ્ય છે જ નહીં. આપણને સગવડ મળે છે ત્યાં જ આપણને જવું છે. જ્યાં કોઈ જાતની સગવડ નથી મળતી ત્યાં આપણને જવું હોતું નથી. એમાં પણ જો ગુફાઓમાં જવું હોય તો પહાડો ચડવા પડે એ માટે શરીરની શક્તિ પણ જોઈએ. ઘણા બધા પ્રોબ્લેમ્સ થયા હોય તો આપણે ગુફાઓની યાત્રા કરવા માટે પણ જઈ શકતા નથી તો આવા કાળની અંદર આપણે જો સરખું થોડુંક ગુફા યાત્રા કરવા જશો તો તો સો એ સો ટકા મને એવું લાગે છે કે સાધના કરવા માટેનો પુરુષાર્થ કરવા માટેનું  જે સત્વ આપણને મળતું નથી ને એ આપણને ગુફાઓ માંથી મળશે. જીનાલયો ભાવના પ્રધાન છે અને ગુફાઓ સાધના પ્રધાન છે. ગુફાઓ નું મહત્વ એટલા માટે વધારે છે કે એક સમયે એવું હતો  કે આપણે ત્યાં દેરાસરો ઓછા બનતા હતા.

સમ્રાટ સંપ્રતિના સમય પહેલાની વાત કરીએ તો ભારતભરમાં આપણી પાસે આટલા જિનાલયો કદાચ નહોતા હશે તો પણ એનો ઉલ્લેખ આજે આપણને મળતો નથી પણ સમ્રાટ સંપ્રતિએ એક સાથે સવા લાખ જિનબિંબોના નિર્માણ કર્યા હતા ત્યારથી આપણે શ્વેતાંબર પરંપરામાં જિનાલય નિર્માણ એ વેગ પકડ્યો. પણ એ પહેલા આપણે ત્યાં ગુફાઓ બનતી હતી. આપણે ત્યાં હસ્તપ્રતો પણ આવે છે જે હસ્તપ્રતોના આધારે પરમાત્માના આગમોની શ્રુતની પૂર્વાચારીઓના આગમોની વચ્ચેના સાહિત્યની પરંપરા આપણને મળી રહી છે.

એની અંદર પણ બે પ્રકારના અલગ અલગ ભાગ આવે છે. અમુક હસ્તપ્રતો છે, જે કાગળમાં લખાયેલી છે અને અમુક તાડપત્ર ઉપર પણ લખાયેલી હોય છે. જે એ સમયમાં તાડના ઝાડ આવતા હતા એના પાંદડા ઉપર જેનું  800 800 વર્ષનું આયુષ્ય આજે પણ માનવામાં આવે છે એના ઉપર આ બધા આગમો લખાતા હતા.

આજે આપણા સૌભાગ્યથી કેટલીક તાડપત્રીય પ્રતો મળે છે, કેટલીક કાગળ ઉપર લખેલી હસ્તપ્રતો પણ મળે છે સાચી વાત કહીએ તો હસ્તપ્રતો કરતાં તાડ પત્ર પર લખેલી પ્રતો વધારે જૂની હોય છે. તાડપત્ર પરનું લખાયેલું સાહિત્ય વધુ ઓથેન્ટિક મહત્વનું માનીએ છીએ. જે રીતે સાહિત્યના ક્ષેત્રે હસ્તપ્રત કરતા તાડપત્રનું મહત્વ વિશેષ છે એ જ પ્રકારે સ્થાપત્યના ક્ષેત્રે આપણે ત્યાં ગુફાઓનું મહત્વ જિનાલય કરતા વધારે છે. કારણ કે જિનાલયો કરતા ગુફાઓ વધારે પ્રાચીન છે ગુફાઓની તાકાત પણ આપણી પાસે વધારે છે. જિનાલયો કરતા ગુફામાં સાધના વધારે થઈ છે. જિનાલયમાં આપણે કલાક કે અનુષ્ઠાન ચાલતું હશે તો વધીને 6 કલાક જેટલો સમય વધુમાં વધુ આપણે રહી શકીએ છીએ. પણ ગુફાઓમાં દિવસોના દિવસો સુધી એ સમયના સાધુ ભગવાન તો ઋષિમુનિઓ આપણા પૂર્વજોએ ત્યાં સાધના કરેલી, ત્યાં ગુફાઓમાં રહીને ગ્રંથોના સર્જન કરેલા છે. નાસિકની ચારે તરફ ગુફાઓ છે, ભારતનું આ એકમાત્ર એવું શહેર હશે જ્યાં ચારે દિશાઓમાં અલગ અલગ પ્રકારે ગુફાઓ આવેલી છે. ગુજરાત તરફ જતા ગજ્પંથા નામની ગુફા આવે છે. એમાં આજે પણ એવો શિલાલેખ છે જેમાં કલિકાલ આચાર્ય પૈથનાચાર્ય ચાતુર્માસ કરવા ગયા ત્યારે આ ગુફામાં ઘણા સમય સુધી રોકાયા હતા. એમણે સાધના અને ઘણા બધા સાહિત્ય સર્જનો એમણે અહીં કર્યા હતા. ગુફાઓની અંદર આપણે લાંબા સમય સુધી રોકાઈ શકીએ છીએ. જ્યારે દેરાસરમાં આપણે રોકાઈ શકતા નથી. આજે ભલે આપણે ત્યાં ગુફાઓનો ઉપયોગ બંધ થઈ ગયો છે પણ આપણે ત્યાં એકવાર જઈએ ત્યાં શાંતિથી બેસીએ તો એ સાધનાના પરમાણુઓ આપણને સ્પર્શ થયા વિના નહીં રહે. કારણ કે આ તદ્દન નિર્દોષ ભૂમિ છે. આ ભૂમિમાં અંતરમુખી સાધકો સિવાય કોઈને જવાનું મન થતું નથી. જરૂર માત્ર એટલી છે કે આપણે ત્યાં જિજ્ઞાસા લઈને જવું પડશે. મારે કૈક પામવું છે ની ભાવના સાથે જો આપણે ત્યાં

જઈશું તો એને આપણે ચોક્કસ એ પરમાણુને પામી શકશું. નાસિકની અંદર આટલી બધી ગુફાઓ છે એવું પ્રથમ વખત આપણા જૈન સમુદાયમાં અમારા ગુરુદેવ જગવલ્લભજીને ખબર પડી. અમને અમારી બાળમુનિ અવસ્થામાં એની વાર્તા અમને એ કહેતા. એમાં એ આ ગુફાઓના ઇતિહાસ અમને જણાવતા. એનું આકર્ષણ મને પણ ત્યારથી થયેલું. આજે આ માહિતી હું તમને આપી રહ્યો છું તો તેની પાછળ ગુરુદેવ રહેલા છે. એમણે અંતર્મુખતા સાધનાનો વારસો મને આપ્યો. વરસો પહેલા એમણે નાસિકમાં ચાતુર્માસ કર્યું ત્યારે એમને ખબર પડી કે અહી ચારેબાજુ ગુફાઓ છે. ગુફાઓની એમણે પોતે મુલાકાત લીધી. એ પછી ધર્મચક્ર તીર્થની ત્યાં સ્થાપના થઈ. ધર્મચક્ર તીર્થથી માત્ર ત્રણ કિલોમીટર દૂર પાંડવવલી ગુફા આવેલી છે. ત્યાં ૨૦ થી ૨૨ ગુફાઓનો આખો સમૂહ છે. બધી ગુફાઓ બૌદ્ધોની છે પણ એક ગુફા આપણા જૈનોની છે. જ્યાં વર્ષો જૂના દાદા આદિનાથની મંગલ પ્રતિમા બિરાજમાન છે. વર્ષો પહેલા પૂર્વાચાર્યો એ કરેલી સાધનાના પરમાણુઓની અનુભૂતિ મને ત્યાં થયેલી છે. ત્યાં હોતા હું ઘણી વખત ત્યાં સાધના કરવા ગયો છું. આજે આટલા સમયના પ્રયાસ પછી જે ચૈત્ય પરિપાટીમાં ધર્મચક્ર તીર્થ માટે આવે છે એમને આ ગુફાની મુલાકાત અવશ્ય લેવી જ લેવી. ત્યાં ગયા પછી જે આનંદની પ્રાપ્તિ થાય છે એ ઉચ્ચકોટિના આનંદની અનુભૂતિને શબ્દોમાં વ્યક્ત કરવી અશક્ય છે.

આ વસ્તુ એટલી જ છે કે આપણે ગુફા પ્રત્યે આપણી જિજ્ઞાસાને જાગૃત કરવી પડશે. અમારા મહારાષ્ટ્રની અંદર એકચાલીશ નામના નગરમાં ત્યાંથી 20 થી 10 કિલોમીટર દૂર નાગાર્જુન ગુફા છે. ત્યાં જવા માટે પહાડો ની અંદર લગભગ બે અઢી કિલો મીટર ચાલવું પડે. ચઢાણ બહુ કપરુ છે ત્યાં ચડવા માટે પગથિયા નથી નાનકડી કેડી ઉપર ચડીને અને ઉપર જવું પડે. ગુફાના કેલેન્ડર માટે ચાલીસ લોકોની ટીમ નક્કી થઇ. ફોટોગ્રાફર હર્ષ નામનો યુવાન જેને આ ગુફામાં બહુ રસ હતો. એ કેલેન્ડર માટેની ગુફાઓ માટે અહીં આવેલો અને પાછા વળતા બેલેન્સ એનું ચૂક્યું અને એને પણ વાગ્યું. આવા દુર્ગમ કોટીના રસ્તાઓ છે છતાં ગુફાઓ પ્રત્યે થોડીક જીજ્ઞાસા રાખીએ તો જીવનના અનંત કોટી ના આનંદ ની અનુભૂતિ નથી થઇ એ ચોક્કસ થશે.

ગુફાના સંશોધન સમયે એવું લાગ્યું કે બંગાળમાં કોઈ ગુફાઓ નથી પરંતુ બંગાળમાં ખૂબ જ સુંદર ગુફા આવેલી છે. શરાફ એરિયામાં અંદર જતા ખબર પડે છે કે અંજીતકોટ નામની ગુફા છે. ત્યાં પાર્શ્વનાથ ભગવાનની ચરણ પાદુકા છે. આજથી થોડા વર્ષો પહેલા થોડાક યુવાનો ત્યાં ફરવા ગયા હતા અને ત્યારે આ ખબર પડી. દિલ્હીની ભારતીય જ્ઞાનપીઠ એ પ્રકાશીત કરેલા ત્રણ વોલ્યુમ જૈન કલા ઓર સંસ્કૃતિ એમાં એક એવો પણ ઉલ્લેખ મળે છે. માત્ર ભારતમાં નહીં પણ પાકિસ્તાનમાં પણ આપણી નજર સામે એ પણ આપણું પોતાનું દેશનું એક અંગ હતું પણ આગળ અફઘાનિસ્તાન અને એથી પણ આગળ તુર્કસ્તાન તુર્ક મેનીસ્થાનમાં ઘણી ગુફાઓ એવી છે કે જેમાં જૈન સાધુઓના ચિત્રો આજે પણ દોરેલા છે. આ ઉપરથી આપણે જાણી શકીએ કે આપણા જૈન ધર્મના સાધુઓનું વિચરણ કેટલા વિસ્તારમાં ફેલાયેલું હશે. આજે એવું માનીએ છીએ કે આખા ભારતભરની અંદર જૈન ધર્મ હશે પણ ભારતની બહાર પણ તુર્કસ્થાન અને તુર્ક મેનીસ્થાન પાસે જે ઓથેન્ટિક પુરાવાઓ મળ્યા એનાથી નક્કી કર્યું એના આધારે એમણે નક્કી કર્યું અને લખ્યું આ પુસ્તકમાં લખ્યું. તુર્ક સ્થાન અને તુર્ક મેનીસ્થાનની અંદર પણ કેટલીક ગુફાઓમાં કે ત્યાં જૈન સાધુ ભગવંતોના ચિત્રો દોરેલા છે. વિચાર કરો જૈન ધર્મ ક્યાં સુધી ફેલાયેલો છે.

નજીકના ભૂતકાળની વાત કરીએ એટલે કે પરમાત્મા મહાવીરના સમયનો તો 14 પૂર્વધર આચાર્ય ભદ્રબાહુ સ્વામીએ પણ પોતાના જીવનની અંદર સાધના કરવા માટે નેપાળની ગુફાઓમાં ગયા હતા. આ વાત એમણે પર્યુષણ પર્વના પ્રવચનમાં આખી ઘટના કરી છે. પટનાના સંઘે એમને વિનંતી કરી કે સાહેબ 14 પૂર્વનું જ્ઞાન લુપ્ત થઈ ગયું છે. અહીં આવી આપ એ શ્રુતજ્ઞાન સાધુઓને આપો. ત્યારે એમણે ના પાડી કે મારે ધ્યાન સાધના ચાલુ છે. એમાં વિક્ષેપ પાડીને ના આવી શકાય ત્યારે વચલો રસ્તો કાઢી અને અંગે 500 સાધુ ભગવંતોને ૧૪ પૂર્વની વાચના લેવા માટે નેપાળની ગુફામાં મોકલાવ્યા. આજે જ્યારે આપણા એક પણ સાધુ ત્યાં નથી ત્યારે પૂર્વના સમયમાં 500 સાધુઓ ત્યાં નેપાળની ગુફામાં હતા. ધીમે ધીમે આ સાધુઓ ઘટતા ગયા અને છેલ્લે સ્થુલીભદ્ર જેવા ઉચ્ચ કોટિના

સાધુ એમને મળ્યા. જેમના થકી એમનો વારસો આગળ ગયો. ભદ્રબાહુ સ્વામી જેમને શ્રુત કેવલી કહેવામાં આવ્યા છે જેમાં એમણે મહાપ્રાણની સાધના કરી હતી. તો સાધુ ભગવંતોને વાંચના આપી હતી એ સ્થાન ક્યાં છે? એવી થોડી પણ આપણે જીજ્ઞાશા દાખવીએ તો આપણને ખબર પડે કે એ સ્થાન ક્યાં છે. અમે ખૂબ જ પ્રયત્નો કર્યા પણ હજુ એ સ્થાન વિશે જાણી શક્યા નથી. પુરાવા મળ્યા નથી, માત્ર બે ત્રણ મતો મળ્યા છે. કાઠમાંડુની બાજુમાં રહેલી કાલી પહાડી ની કોઈ ગુફામાં એમણે સાધના કરી હશે. કોઈક કહે છે, બૌદ્ધ સાધુ પદ્મસંભવે એ જ્યાં સાધના કરી હતી. એ હલેશી ગુફામાં ભદ્રબાહુ સ્વામીએ એમના પહેલા સાધના કરી હતી. પણ આજે એના કોઈ સગડ નથી મળતા. આપણને આનંદ ચોક્કસ થાય કે પોખરાથી ૮૦ કિમી દૂર મુક્તેશ્વર તરફ જતાં ગલેશ્વર મહાદેવનું મંદિર આવે. ત્યાં ભરત ગુફા આવે. ત્યાં ગવર્મેન્ટે બોર્ડ મારેલું છે કે ઋષભદેવ પરમાત્માના પુત્રરત્ન ભરતજીએ જ્યાં સાધના કરી હતી એ આ ભૂમિ છે. એટલે આને ભરત ગુફા તરીકે ઓળખવામાં આવે છે. કલકત્તાના શ્રાવિકા લતાબેન બોથરા પાસેથી પણ આ વિશે ઘણી માહિતી મળેલી છે. આજે પણ સ્થાનકવાસી સંપ્રદાયના મણીભદ્ર મહારાજ વિચરણ કરતાં હોય છે જે મૂળ પોખરાના બ્રાહ્મણ કુટુંબથી જન્મ પામેલા છે. એમની પાસથી પણ ભરત ગુફાની માહિતી પ્રાપ્ત થઈ છે.

આપણે આ બધી જગ્યાની સ્થિરતા પૂર્વક યાત્રા કરીએ તો આની શી વિશેષતા છે એ ખ્યાલ આવે. આ બધી જગ્યાઓનો શું શું મહિમા રહેલો છે એ ખ્યાલ આવે. ધર્મચક્ર તીર્થમાં આજે હજારો માણસો આવે છે. પરંતુ એમને આ ગુફાઓ વિશે કંઈ જ ખબર નથી. આપણે આજુબાજુના તીર્થોની જાણકારી મેળવવાનો પણ પ્રયત્ન કરશું તો ખબર પડશે કે આટલા પ્રસિદ્ધ તીર્થની આસપાસ કેટલી બધી પ્રાચીન ગુફાઓની ભૂમિઓ આવેલી છે. દરેક ગુફામાં અલગ અલગ જીન પ્રતિમાઓ છે અને એમનો અલગ અલગ મહિમા છે. નાસિકની બાજુમાં જે ગુફા છે અંજનેરી. એમાં પહેલી ગુફા શાંતિનાથ પ્રભુની છે અને બીજી પાર્શ્વનાથ પ્રભુની છે. હનુમાનજીના માતા અંજના સુંદરી એમના પોતાના જીવનની અંદર એમના સાસુએ એમને જ્યારે ઘરમાંથી બહાર કાઢી મૂક્યા હતા ત્યારે જે પાવન ભૂમિની અંદર આશ્રય લીધો

હતો અને હનુમાનજીને જ્યાં જન્મ આપ્યો હતો એ જો કોઈ સ્થાન હોય તો એ અજનેરીની ગુફા છે. સતી અંજના એ શાંતિનાથ ભગવાનના પૂજા કરી હતી. એ આજે પણ છે અદભુત ઘટના કહેવાય કે જે મહાસતીએ શાંતિનાથ ભગવાનની પૂજા કરી હતી એ જ એને જ આપણે પૂજા કરવાનું સૌભાગ્ય મળ્યું છે. આ વસ્તુની ખબર હોય તો જ આપણે ત્યાં જઈએ ને બધી જ ભૂમિની અલગ અલગ વિશેષતાઓ હોય છે. વર્ષો પહેલા અમારા ગુરુદેવ ૨૫૦ માણસોની પરિપાટી લઈને ત્યાં ગયેલા ત્યારે યાત્રા વખતે આનો ખ્યાલ આવતા આનંદ આનંદ થઇ ગયેલો. દરેક કલ્યાણક ભૂમિની અલગ અલગ વિશેષતાઓ હોય છે. એમાં અવશ્ય આવે છે રાજગૃહી નગરી. રાજગૃહ નગરી વિશે જોઈએ તો બધી જ કલ્યાણ ભૂમિની યાત્રા કરવા જવાવાળા રાજગૃહી નગરીએ ચોક્કસ જાય છે. સુવ્રત સ્વામી ભગવાનની આ કલ્યાણકભૂમિ છે. પરમાત્માના ચાર ચાર કલ્યાણકો ત્યાં થયા હતા. આ યાત્રા કરતા આજુબાજુમાં રહેલા પાંચ પહાડો એ દરેક પહાડો પર આપણા જિનાલયો છે. એની પણ યાત્રા કરશો પણ  ત્યાં રહેલી સોન ભંડાર ગુફાની મુલાકાત કદાચ બે ટકા લોકોએ પણ નહી લીધી હોય. ગુફાનું મહત્વ આપણને કોઈને ખબર નથી એટલે એની કોઈ મુલાકાત લેતું નથી. જૈન શાસનના બહુ વિરલ ઉચ્ચ કોટિના મહાપુરુષ એમણે પોતાની છ મહિનાની ઉંમરમાં સાધ્વીજીના ઉપાશ્રયમાં ઘોડિયામાં સુતા સુતા ૧૧અંગો ભણી લીધા હતા એવા પરમકોટીના વજ્રબાહું સ્વામી, જેમણે પોતાના જીવનની અંદર અદભુત કોટીના શાસનની પ્રભાવનાઓ કરી હતી, રક્ષા કરી હતી. પોતાના વરદ હસ્તેથી જે પ્રતિમાઓની સ્થાપના કરી હતી. એવા યુગપ્રધાન આચાર્ય ભગવંતે પોતાના વરદ હસ્તે જે પ્રતિમાની પ્રાણ પ્રતિષ્ઠા કરી હતી તો એ પ્રતિમાઓ આ સોન ભંડાર ગુફાઓમાં રહેલી છે. આ પ્રતિમાઓ તમને બીજે ક્યાંય પણ જોવા નહીં મળે. આ ગુફાઓ બહુ મહત્વની ગુફા છે.

અમારા ગુરુદેવ મહારાષ્ટ્રમાં સતારાના નંદગીરી ગુફામાં ગયા હતા વર્ષો પહેલા. આ ગુફાઓ  કેટલી બધી મહત્વની છે. શિવાજી મહારાજના વખતનો કિલ્લો છે. એ ગુફા ખૂબ જ જૂની છે બે અઢી હજાર વર્ષ જૂની ત્યાં પાર્શ્વનાથ ભગવાનની પ્રતિમા પાસે પહોંચવા માટે એના પ્રવેશથી લઈને તમે સીધા બિલકુલ ના ચાલી શકો. તમારે કમરથી વાંકા વળીને જ

ચાલવું પડે. એની હાઈટ ત્રણ ફૂટ છે. ગુફામાં આગળ ચાલો કે અંદર એક નદી વહે છે. વહેતા પાણીમાંથી નીકળી અને તમે આગળ જાવ ત્યારે પાર્શ્વનાથ પ્રભુના તમને દર્શન થાય છે. જવું હોય તો હાથમાં દીવો ટોચ કે ફાનસ સાથે રાખવા જ પડે ત્યાં કોઈ લાઈટ નથી. મારા ગુરુદેવ અઢીસો જણની ચૈત્ય પરિપાટી લઈ અને ત્યાં ગયા હતા. ત્યાં એ વહેતા પાણીમાં એ રોજ સવારે એક સફેદ કલરનું ફૂલ તરતું આવે અને પછી પરમાત્માના ખોળામાં પહોંચી જાય છે એ ફુલ ફરી બીજા દિવસે સવારે વહેતું વહેતું પુનાની અંદર ત્યાંથી દોઢસો કિલોમીટર દૂર શનિવાર વાડાની અંદર મળે આ કઈ રીતે પોસિબલ છે, એ માનવું જ પડે કે અધિષ્ઠાયક દેવ રોજ આવી અને પરમાત્માની પૂજા કરીને જાય છે. પ્રભુજી સાધિષ્ટાયક છે અને દેવો ત્યાં આવી અને એની પૂજા કરે છે. વર્ષો પહેલા હિમાંશુ સુરી મહારાજ, જૈન શાસનના ઉત્તમ તપસ્વી રત્ન કહી શકાય એવા એમણે અમદાવાદમાં બેઠા બેઠા ધ્યાનમાં સંકેત થયો એક શ્રાવકે આવી અને એમને પ્રશ્ન કર્યો કે મહારાજ ગૃહ જિનાલયનું નિર્માણ કરવું છે મારે એ પ્રતિમા ક્યાંથી મળશે ? મહારાજજીને સંકેત થયો કે નંદગીરીની ગુફામાંથી એ પ્રાચીન પ્રતિમા લઇ આવો અને એને તમારા ઘરમાં સ્થાપના કરો. એ શ્રાવકની શ્રેષ્ઠ કોટી નું સૌભાગ્ય કહેવાય કે એને નાંદગિરીની ગુફા માંથી પ્રભુજી મળી ગયા. આજે નિત્ય એ શ્રાવક આ પ્રભુજીની પૂજા કરે છે. દરેક તીર્થમાં જઈ અને આપણે જાણીએ કે આ તીર્થનો શું મહિમા છે એ અંગે જિજ્ઞાસા વ્યક્ત કરીએ.

યાપનીય પરંપરા એટલે શું? દિગંબર શ્વેતાંબર સ્થાનકવાસી અને તેરાપંથી આ ચારે પરંપરા આપણે નજર સામે જોઈ શકીએ છીએ. આ ચારેય કરતા એક ભિન્ન પરંપરા હતી યાપનીય પરંપરા, જે પરમાત્મા મહાવીર સ્વામીના સમયમાં 800 વર્ષ પહેલા વિદ્યમાંન હતી પણ  ધીરે ધીરે એ હવે લુપ્ત થઈ ગઈ આજે એના કોઈ સઘડ કે વાવડ મળતા નથી. પરમાત્મા મહાવીર સ્વામીના સમયમાં બે પ્રકારના સાધુઓ હતા. આ બે પ્રકારના સાધુઓમાં જિનકલ્પી અને સ્થવીર કલ્પી સાધુઓ. જીનકલ્પી સાધુઓ જંગલમાં રહેતા હતા અને એમને કપડાં પહેરવાની પણ જરૂર રહેતી નહોતી પણ ગોચરી આદિના કોઈપણ કારણસર વસ્તીમાં ગામમાં આવવાનું થાય તો અવશ્યપણે કપડાં પહેરીને જ ગામમાં આવવાનું એ સમયે લોક

વ્યવહારનું પાલન કરવામાં જરાય બાંધછોડ રાખવાની નહીં. મહાવીર સ્વામીના સમયમાં બે જાતની શ્રવણ પરંપરા હતી સચેલક અને અચેલક. કેટલાક સાધુ ભગવંતો કપડાં પહેરતા કેટલાક સાધુ ભગવાન તો કપડાં નહોતા પહેરતા પણ આ બંને પરંપરા પરમાત્માની આજ્ઞા સાથે બંધાયેલી હતી તમે આ બંનેમાંથી કોઈને પણ ખોટા ના કહી શકો. પ્રભુ મહાવીરે પણ આ પરંપરાને સંમતિ આપેલી છે અને એમના સમયથી જ આ પરંપરા ચાલી આવતી હતી. આ પરંપરા નો ધીરે ધીરે પડતો કાળ આવ્યો અને ધીમે ધીમે એમાં અસ્મગ્રહની અસર વધવા માંડી. ધીરે ધીરે એ સાધુની પરંપરાના પણ ભાગો પડવા માંડયા અને એમાંથી જે ભાગ પડ્યા એ મૂળ જિન કલ્પી શ્રમણો જે લોકો અચેલક હતા. જે ૯૦ ટકા કપડાનો ઉપયોગ નહોતા કરતાં 10% કપડાનો ઉપયોગ કરતા હતા એ એ પરંપરા આગળ વધતા યાપનીય પરંપરા બની.

શ્વેતાંબર અને દિગંબર આ બંનેથી આ પરંપરા અલગ હતી. દિગંબર પણ અચેલક સાધુઓ હતા અને યાપનીય પણ અચેલક સાધુ હતા પણ આ બંનેમાં સૌથી મોટો ભેદ એ હતો કે બંનેની માન્યતાઓ અલગ અલગ પ્રકારની હતી. દિગંબરો આજે પણ સ્ત્રીની મુક્તિ માનતા નથી અને કેવલી ભગવંતો કેવળજ્ઞાનને પામ્યા પછી આહાર કરે એમાં નથી માનતા જ્યારે યાપનીય પરંપરામાં કપડાનો માત્ર ઉપયોગ નહોતા કરતા પણ પરમાત્માના બધા જ સિદ્ધાંતોને માનતા હતા અને અચેલક સાધુ હોવા છતાં પણ તેઓ સ્ત્રી મુક્તિને માનતા હતા અને કેવલી પરમાત્મા ના ભોજનને પણ માનતા હતા. એનો પુરાવો આપણી પાસે એ છે યાપનીય પરંપરા ના રચેલા ગ્રંથોમાં સ્ત્રીઓની મુક્તિ અને કેવલિઓની ભૂક્તિ વિશેની વાત થયેલી છે. આ સાધુ ભગવંતો હંમેશા ગુફાઓમાં રહેતા હતા. તેઓ જ્યારે ગામમાં આવતા ત્યારે અર્ધવસ્ત્ર પહેરીને આવતા. રાજાના આમંત્રણથી રાજમહેલમાં જવાનું થાય તો એ સમયે પણ ત્યારે પણ પોતાના વ્યવસ્થાનો વસ્ત્રોનો વ્યવહાર જાળવતા હતા. મહારાષ્ટ્રની અંદર જેટલી પણ ગુફાઓ મળે છે. વિશ્વ પ્રસિદ્ધ ગુફાઓ વર્લ્ડ હેરિટેજ સાઇટની અંદર જેને મૂકવામાં આવી છે એવી ઇલોરાની ગુફાઓ. એમાં 33 માંથી ચાર જે છેલ્લી ગુફાઓ છે એ

આપણા જૈનોની ગુફાઓ છે અને ઇલોરાની ગુફા તો એના બનાવનારા જો કોઈ હોય તો એ અમોઘ વર્ષ હતા.

ગુજરાતની અંદર કુમારપાળ મહારાજાનું જેટલું મહત્વ છે એટલું જ મહત્વ મહારાષ્ટ્રના ઇતિહાસમાં અમોઘ વર્ષનું છે મહારાજા જેટલી શાસનની પ્રભાવના કરી હતી એટલી જ પ્રભાવના અમોઘવર્ષ રાજાએ કરી હતી આજથી 1500 વર્ષ પહેલા જીન શાસનની મહારાષ્ટ્રમાં પ્રભાવના કરી હતી. એ ઇલોરાના ગુફા મંદિરો કે જેને આજે જોવા માટે વિશ્વના લોકો આવે છે હેરિટેજ સાઇટની અંદર જે મૂકવામાં આવી છે બનાવી છે એવી આ ગુફાઓ મહારાજા અમોઘ વર્ષે બનાવી. તો એના પહેલા આચાર્ય ભગવંતો કોણ હતા ? મહારાજા અમોઘવર્ષ અને એમના પુત્ર યાપનીય પરંપરાના આચાર્યો પાસે ભણીને તૈયાર થયા હતા. આથી ઇલોરાની ગુફા એમની પ્રેરણાથી ઇલોરાની ગુફા માં મંદિરો બનાવ્યા હતા. એનું પ્રમાણ સર્વાનુભૂતિયક્ષ અને અંબિકાદેવીની પ્રતિમાઓ એમણે સ્થાપન કરેલી છે. એ જ ગુફાઓમાં તમને બધી નગ્ન પ્રતિમાઓ પણ જોવા મળશે. આગળ વધતા બાહુબલીની પ્રતિમા પણ જોવા મળશે. બાહુબલીની પ્રતિમા 300 વર્ષ પાછળ બની છે. સર્વાનુભુતી નામના કોઈ યક્ષ દિગંબર પરંપરામાં નથી શ્વેતાંબર પરંપરામાં એમનો ઉલ્લેખ મળે છે. સર્વાંનુંભુતી યક્ષ મહાવીર સ્વામીના શાસનમાં માતંગ યક્ષ જેવા યક્ષ હતા. તેઓ મહાવીર સ્વામીના કોઈપણ શ્રાવકોને સાધનામાં કોઈપણ પ્રકારની તકલીફ ના આવે. આરાધનામાં તકલીફ ના આવે એનું ધ્યાન રાખતા હતા. એમને માત્ર શ્વેતાંબર જ માને છે, દિગંબરો માનતા નથી. મહારાષ્ટ્રની અંદર જેટલી પણ ગુફાઓ છે એ ગુફાઓમાં નગ્ન પ્રતિમાઓ છે અને એમાં સર્વાનુભૂતિ યક્ષ છે અને અંબિકાદેવીની પ્રતિમા રહેલી છે. સર્વાંનુભૂતિ યક્ષને જોતા આપણને લાગે કે આ ગુફાઓ શ્વેતાંબર પરંપરા સાથે કનેક્ટેડ છે તો બીજો પ્રશ્ન એ થાય કે નગ્ન પ્રતિમાઓ અહીં ક્યાંથી આવી ગઈ વધારે સંશોધન કરતા જાણવા મળ્યું કે આ બધી ગુફાઓ યાપનીય પરંપરાની છે કે જે સાધુ ભગવંતોની પ્રેરણાથી આ ગુફાઓનું નિર્માણ કર્યું તેમણે આ ગુફાઓમાં રહી અને સાધના કરી અને આત્માનું કલ્યાણ કરીને ગયા. એમના આચારોનો જોગ નગ્નતા તરફ વધારે હતો એટલે દિગંબરો પણ એમ માનતા કે આ

અમારા છે અને શ્વેતાંબરો પણ એમ માનતા કે આ અમારા છે. એમની વચ્ચે જે કંઈ પણ મતભેદ ઊભો થતો એનું નિવારણ યાપનીય પરંપરાના આચાર્ય કરતા હતા.

નાસિક થી 40 કિલોમીટર દૂર આવેલું ચાંદવડ મહાસતી સીતાજીએ પોતાના વરદ હસ્તે 14 વર્ષના વનવાસના સમય દરમિયાન જ્યારે તેઓ પંચવટી નામના ક્ષેત્રમાં રહ્યા હતા ત્યારે પોતાના હસ્તે જે ચંદ્રપ્રભુ સ્વામીની પૂજા કરી હતી એ ચંદ્રપ્રભુ સ્વામીનું બિંબ ચાંદવડ નામના ગામમાં આજે પણ છે. એમ કહેવાય છે કે જૂનું નાસિક એ ચાંદવડ હતું અને મહાસતી સીતાજી ત્યાં રહેલા હતા સીતાજીએ ત્યાં પરમાત્માની પૂજા એક વરસ સુધી કરી હતી. અદભુત વાત કહેવાય કે આપણા પૂર્વજોના હાથે પૂજાયેલી આ પ્રતિમાઓ આપણને મળે છે, પૂજા કરવા માટે અને એની સ્પર્શના કરવા મળે છે. એના દર્શન આજે આપણે કરી શકીએ છીએ. ખરેખર માનવું પડે કે આપણા સૌભાગ્યનો કોઈ પાર નથી.

મહારાષ્ટ્રની અંદર આવેલું લોનાવાલા અને એની બાજુમાં રહેલું પાલેગામ, એની બાજુમાં પણ પહાડમાં આપણી એક ગુફા છે એનું મહત્વ શું છે ? તો બ્રાહ્મી લિપિની અંદર નમસ્કાર મહામંત્રના પહેલા બે પદ ત્યાં લખેલા છે. બ્રાહ્મી લિપિ એટલે ઓછામાં ઓછા બે થી અઢી હજાર વર્ષ પહેલાની લિપિ એ અને એની નીચે આખો એક શિલાલેખ લખેલો છે કે એ ક્યા સમયમાં કોના માટે આ ગુફાનું નિર્માણ કરવામાં આવ્યું હતું. મહારાષ્ટ્રમાં જૈન ધર્મનું પ્રાચીનમાં પ્રાચીન કોઈ પુરાવો જો જોવા જઈએ તો આ પાલે ગામની ગુફા છે. આર્ક્યોલોજિસ્ટને આ વસ્તુની જ્યારે ખબર પડી ત્યારે તેઓ નાચી ઉઠ્યા અને એમણે ડિકલેર કર્યું કે આ મહારાષ્ટ્રમાં જૈન ધર્મનો સૌથી પ્રાચીન પુરાવો છે કે જે સમયે મહાવીર સ્વામી નહોતા એ પહેલાં જૈન ધર્મ હતો એનો આ પુરાવો છે. પાલે ગામની બાજુમાં રહેલું લોહગઢ નો કિલ્લો બહુ ફેમસ છે. એમાં પણ સેમ આવી જ ગુફા છે. એમાં પણ પહેલું નવકારનું પદ છે બ્રાહ્મી લિપિમાં. કેટ કેટલા અવશેષો કેટ કેટલી આપણી ધરોહર કે જેને આપણે આજે ભૂલી ગયા છીએ કે આજે આપણે એટલું જ નક્કી કરીએ કે જે ઠેકાણે આપણા પૂર્વના કાળ મહાપુરુષો સાધના કરી છે એ જીનકલપી સાધુઓ પોતાના જીવનના છેલ્લો સમય આવે

અને ખબર પડે કે એ હવે એમના જીવનનો છેલ્લો સમય છે ત્યારે તેઓ પહાડોની ગુફાઓમાં જતા રહે અને પોતાના આખા શરીરને વોસરાવીને સંલેખના લઈને અનશન લઈને પોતે ત્યાં બેસી જાય. પોતાના જે બાકી આયુષ્ય હોય એ ધીરે ધીરે ત્યાં પૂરું કરે.

તામિલનાડુના પહાડો અને પહાડોની અંદર આવી ગુફાઓ આપણને જોવા મળશે જે એક કસ્તરશૈયા શીલા બનાવેલી હોય કે જેમાં આવી અને સાધુ ભગવંતો પોતાનું અંતિમ અનશન કરી ત્યાં પોતાનું કરી પોતાના દેહને ત્યાં છોડે જેને કહેવાય ને કે નિર્વાણની ઘટના પરમાત્માના નિર્વાણ કે મોક્ષની ઘટના જેટલી પ્રબળ હોય છે એટલી જ પ્રબળ આ ઘટના કહી શકાય જીનકલ્પી સાધુ સ્વેચ્છાએ પોતાના આત્માની કરી પોતાના દેહને વોસરાવી દે અને જેટલું પોતાનું આયુષ્ય બાકી હોય એટલા સમય સુધી આત્મજ્ઞાન ની અંદર સાધનાની અંદર મગ્ન થઈને બેઠા રહે ધીરે ધીરે એમનો દેહ છૂટી જાય. એક ગુફાઓની અંદર બ્રાહ્મી લીપીમાં આ લેખો લખેલા છે એના દ્વારા આપણને ખબર પડે છે કે આજથી બે અઢી હજાર વર્ષ પહેલા પણ આપણા પૂર્વના કાળની અંદર આચાર્ય ભગવંતો અહીં આવીને સાધના કરતા હતા અને અનશન લેતા હતા અને આગળ વધતા હતા.

બહુ ઉત્તમ કોટીની આ ગુફાઓ બહુ ઉત્તમ કોટીનું આ બધું આપણને મળ્યું છે. આ દરેક વસ્તુને આપણે આપણા જીવનમાં આરાધવાનો એને કેળવવા માટેનું કંઈક પ્રયત્ન કરીએ જેના કારણે આપણા જીવનમાં મળેલા આ અમૃત અવસર- ગોલ્ડન ચાન્સ ગુફાઓની પરિપાટી દ્વારા આપણા જીવનની અંદર અધ્યાત્મક ક્ષેત્રમાં લઈ જઈએ, એક હાઈટ ઉપર લઈ ગયા પછી આ કર્મના મળમાંથી મુક્ત થઈએ. એમ કરતા કરતા ગુફાઓની પરીપાટી કરતા કરતા એ સાધનાથી ભાવિત થઈએ કે જેના દ્વારા આપણો પણ આત્મા કર્મથી મુક્ત થઈ પરમ પદને પામી જાય.

++++++++++++++++++++++++++++++++++++++++++++++++++++++++++++++

JAIN SAHITYA ACADEMY TRUST
क्षेमंकर तेजोदीपक